ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ક્રમાંક:જજઅ/૧૦/૨૦૧૭/૭૬૯૪૯૩(પા.૩)/છ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ -૦૧/૦૭/૨૦૨૨

## જાહેરનામું.

**No.GTH/3/2022/JJA/10/2017/769493(Part-3)/CHH-** રાજ્યમાં ધ જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન) એકટ, ૨૦૧૫ના અમલીકરણ માટે કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકોના ન્યાયિક નિર્ણય માટે ઉક્ત એકટની કલમ-૨૭(૧) મુજબ રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લાઓમાં બાળ કલ્યાણ સમિતિની રચના કરવાની જોગવાઇ છે. આ સમિતિમાં એક ચેરપર્સન તથા ચાર સભ્યોની નિમણૂંક કરવામાં આવે છે. એક્ટની કલમ-૨૭(૬) મુજબ બાળ કલ્યાણ સમિતિની મુદત આ સમિતિની નિમણૂંક થયાથી ત્રણ વર્ષ સુધીની હોય છે.

રાજ્ય સરકાર દ્વારા તા.૧/૧/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક જજઅ/૧૦/૨૦૧૭/૭૬૯૪૯૩/છ થી અરવલ્લી, ભરૂચ, કચ્છ, ખેડા એમ કુલ-૪ જિલ્લાઓ માટેની બાળ કલ્યાણ સમિતિમાં ચેરપર્સન અને સભ્યોની નિમણૂંક કરવામાં આવેલ. વિભાગના તા.૨૩/૨૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક:જજઅ/૧૦/૨૦૧૭૭૬૯૪૯૩ (પા.૩)/છ થી ઉક્ત ૪ (ચાર) જિલ્લાના બાળ કલ્યાણ સમિતિમાં વિભાગના ચેરપર્સન અને સભ્યોની મુદ્દત તા.૩૦/૬/૨૦૨૨ સુધી લંબાવવાનો નિર્ણય કરવામાં આવેલ હતો.

હાલમાં ઉક્ત જિલ્લાઓની બાળ કલ્યાણ સમિતિમાં ચેરપર્સન અને સભ્યોની નિમણૂંકની પ્રક્રિયા ચાલુ હોઇ, બાળકોના શ્રેષ્ઠહિતને ધ્યાનમાં લઈ ઉક્ત ૪(ચાર) જિલ્લાઓ માટેની બાળ કલ્યાણ સમિતિમાં રાજ્ય સરકાર દ્વારા તા.૨૬/૨/૨૦૧૯ના જાહેરનામાથી નિમણૂંક પામેલા ચેરપર્સન અને સભ્યોની મુદત ખાસ કિસ્સામાં નવી નિમણૂંક ન થાય ત્યા સુધી લંબાવવાનો નિર્ણય કરવામાં આવે છે. આ સમિતિ નિયમાનુસાર કાર્યવાહી કરશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા;૧૭/૬/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ બાદ રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આપનો વિશ્વાસુ

( કિરેન શુક્લ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

(P. T. O)

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, સી.આઇ.ડી. કાઇમ અને રેલ્વે, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ/ જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ.
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોમ નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કરોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી, બ્લોક નં.૧૯/૩, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબંધિત તમામ જિલ્લાઓની બાળ કલ્યાણ સમિતિઓના ચેરપર્સન/સભ્યો.(મારફત:મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગર.)
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ્ વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ